સુરતના પહેલા ગણપતિનું આજે મુંબઇથી આગમન થશે



■ મુંબઇ પછી સૌથી વધુ ગણપતિની મૂર્તિની સ્થાપના સુરતમાં કરવામાં આવે છે. હવે સુરતમાં પણ મુંબઇથી શ્રીજીની પ્રતિમા લાવવાનો ટ્રેન્ડ છે. ત્યારે વરસતા વરસાદની વચ્ચે સુરતના ગણેશ્વરાય ગ્રુપ દ્વારા શનિવારે મુંબઇમાં ગણપતિની આગમન આરતી કરવામાં આવી હતી. આજે એટલે કે રવિવારે આ મૂર્તિનું સુરતમાં આગમન થશે. આ ગ્રુપ દ્વારા ગણનાયકના ઢંગેચંગે સ્વાગતની તૈયારી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. **(તસવીર : હેમંત ડેરે)**

મોટા વરાછામાં રસ્તો બંધ કરી 6 માળનું બિલ્ડિંગ બનાવી દેવાયું

4 મહિનામાં 60 અરજીઓ છતાં મેયર-ધારાસભ્ય મૌન

તંત્રએ મારેલા કાગળના સીલ વચ્ચે પણ ગેરકાયદે બાંધકામ ચાલુ

સુરતઃ મોટા વરાછાની પુનિતધામ સોસાયટીના રહીશોએ ભૂમાફિયાઓ અને મનપાના અધિકારીઓની મિલીભગત સામે મહિલાઓ અને બાળકો સહિત એકત્રિત થઈને ઝોન ઓફિસ ખાતે ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સ્થાનિક રહીશ સંજય કાનજીભાઈ ગોરીના જણાવ્યા અનુસાર, સોસાયટીના કોમન પ્લોટ અને માર્જિનની જગ્યા પચાવી પાડીને ત્યાં ગેરકાયદેસર બાંધકામ ધમધમી રહ્યું છે. હદ તો ત્યાં થઈ ગઈ છે કે સ્થાનિકોના અવરજવર માટેના મુખ્ય આંતરિક રસ્તાને આખેઆખો બંધ કરી દઈને ત્યાં 5 થી 6 માળનું બિલ્ડિંગ ઊભું કરી દેવામાં આવ્યું છે, જેના કારણે રહીશોનું હરવા-ફરવાનું દુભર બન્યું છે.

આ ગંભીર મુદ્દે છેલ્લા 4 મહિનાથી સ્થાનિક તંત્ર અને રાજકીય પદાધિકારીઓને 50 થી 60 જેટલી લેખિત અરજીઓ કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. તંત્રની આ ઘોર નિષ્ક્રિયતા અને અન્યાય સામે કંટાળેલા નાગરિકોએ આખરે ગાંધીજીના ત્રણ વાંદરાના પ્રતીકવાળું એક કટાક્ષપૂર્ણ બેનર પ્રદર્શિત કરીને અનોખો વિરોધ નોંધાવ્યો હતો. તંત્ર દ્વારા જે સીલ મારવામાં આવ્યા છે તે માત્ર કાગળ અને ટેપ પટ્ટીના બનેલા છે. આવા ઉપરછલ્લા સીલ માર્યા બાદ પણ મકાનની અંદર બાંધકામ સતત ચાલુ રહ્યું છે.

ચાલુ વરસાદમાં ફેક્ટરીના બીજા માળેથી પટકાતાં શ્રમિકનું મોત

સુરતઃ લિંબાયતની ઈચ્છાબા સોસાયટીમાં રહેતા 47 વર્ષીય શેખ ખલીલ ઈસ્માઈલ મજૂરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા.

તેમના પરિવારમાં પત્ની ઉપરાંત બે પુત્ર અને એક પુત્રી છે. ગત સાંજે શેખ ખલીલ ખટોદરાના કોમલ સર્કલ નજીક આવેલી આત્માનંદ ઈન્ડસ્ટ્રિઝમાં બીજા માળે વરસાદને કારણે પાલક ખોલવાની કામગીરી કરી રહ્યા હતા.

દરમિયાન અચાનક તેમનું સંતુલન બગડતાં તેઓ બીજા માળેથી નીચે પટકાયા હતા. ઘટનામાં તેમને ગંભીર ઈજા પહોંચતા સાથી કર્મચારીઓએ તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

નાસીરનગર: બંને ઈજનેરના સસ્પેન્શનને શાસકોની બહાલી

બંને અધિકારી બીપીએમસી એક્ટમાં કલમ 45માં આવતા હોવાથી વધારાના કામ તરીકે સ્થાયી સમિતીમાં મૂકી મંજૂર કરાઇ

સુરત : નાસીરનગર ડિમોલીશન મુદ્દે હાઈકોર્ટની કડક ટિપ્પણીઓ બાદ સુરત મહાનગરપાલિકા તંત્ર એક્શનમાં આવ્યું છે. મનપા કમિશનર એમ. નાગરાજે બે કાર્યપાલક ઈજનેર સહિત કુલ પાંચ ઈજનેરોને સસ્પેન્ડ કર્યા છે. તેમાં કલમ-45 હેઠળના અધિકારી તરીકે આવતાં કાર્યપાલક ઈજનેર સુજલ પ્રજાપતિ અને જયાંગ રામજીવાલાના સસ્પેન્શન માટે સ્થાયી સમિતિની મંજૂરી જરૂરી હોવાથી શનિવારે તેમની દરખાસ્ત વધારાના કામ તરીકે સ્થાયી સમિતિના એજન્ડામાં સામેલ કરવામાં આવી હતી.

સ્થાયી સમિતિએ મનપા કમિશનરની દરખાસ્તને મંજૂરી આપતા બંને કાર્યપાલક ઈજનેરોના સસ્પેન્શન પર મહોર મારી હતી. કમિશનર દ્વારા રજૂ કરાયેલા કારણ મુજબ, નાસીરનગર ખાતે થયેલા વિવાદાસ્પદ ડિમોલીશન દરમિયાન બંને અધિકારીઓની હાજરી હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું છે.

કમિશનરે જણાવ્યું હતું કે સમગ્ર પ્રકરણની તપાસ માટે રચાયેલી તપાસ સમિતિની કામગીરી કોઈપણ રીતે પ્રભાવિત ન થાય અને તપાસ નિષ્પક્ષ રીતે થઈ શકે તે હેતુથી બંને અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

રિંગ રોડ પર ચાલુ રિક્ષામાંથી મહિલાનું પર્સ ઝૂંટવનારા બે ઝડપાયા

સુરતઃ પાંડેસરા બમરોલી ગામ ખાતે આનંદો હોમ્સ સોસાયટીમાં રહેતા સુલોચનાબેને પ્રજાપતિ પરિવાર સાથે લગ્નપ્રસંગમાં યુપી જવા નીકળ્યા હતાં.

સુરત રેલવે સ્ટેશન પર જવા માટે તેઓ પાંડેસરાથી રિક્ષામાં બેઠા હતા ત્યારે ૨૮મી જૂને રાત્રે સવા ત્રણ વાગ્યે તેમની રિક્ષા કિન્નરી થિયેટર પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે બે બદમાશોએ તેમનું પર્સ આંચકી લીધી હતું.

આ પર્સમાં રૂ.૪૫,૦૦૦ની મત્તા હતી. આ બનાવની ફરિયાદ થતાં સલાબતપુરા પોલીસે ગુનો નોંધી આરોપીઓ અફઝલ ઉર્ફે લાંબી યુનુશ શેખ (ઉ.વ. ૨૬)રહે. બિલ્ડિંગ નં. એ-૧૧૬, ભેસ્તાન આવાસ,સુરત તથા અશફાક ઉર્ફે કાલિયા યુસુફ શેખ (ઉ.વ. ૨૨),રહે. બિલ્ડિંગ નં. એ-૮૩, ભેસ્તાન આવાસને દબોચી લીધા.

વરાછા પોલીસ રિક્ષાને યુનિક નંબર આપવાનું શરૂ કર્યું

સામાન ગુમ થાય કે રિક્ષા ચાલક ગેરવર્તણૂક કરે તો ગણતરીની મિનિટમાં જ ઓળખ થઇ જશે

સુરતઃ વરાછા પોલીસ દ્વારા તેમના હદ વિસ્તારમાં દોડતી તમામ ઓટો રિક્ષાઓને માત્ર ૧ થી ૨ ડિજીટનો એક યુનિક નંબર ફાળવવામાં આવ્યો છે, જેના સ્ટીકરો રિક્ષા પર લગાવવામાં આવ્યા છે. આ વ્યવસ્થાથી મુસાફરોએ હવે રિક્ષાનો લાંબો રજિસ્ટ્રેશન નંબર યાદ રાખવાની જરૂર નહીં પડે. પોલીસ દ્વારા ફાળવાયેલા યુનિક નંબરના સ્ટીકરો દરેક રિક્ષામાં ત્રણ સ્થળે લગાવવામાં આવ્યા છે. તેમાં રિક્ષાના આગળના ભાગે, પાછળના ભાગે તેમજ મુસાફર બેઠો હોય ત્યાં અંદરની બાજુ સ્પષ્ટ દેખાય તે રીતે સ્ટીકર ચોંટાડવામાં આવ્યા છે. જેથી મુસાફર રિક્ષામાં બેસતી વખતે, મુસાફરી દરમિયાન અથવા ઉતરતી વખતે સરળતાથી નંબર નોંધી શકે.

જે માટે ખાસ માસ્ટર રજીસ્ટર તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં દરેક યુનિક નંબરની સામે સંબંધિત રિક્ષાનો આરટીઓ નંબર, રિક્ષાચાલકનું નામ-સરનામું, મોબાઈલ નંબર સહિતની તમામ વિગતો નોંધવામાં આવી છે. પરિણામે પોલીસને માત્ર યુનિક નંબરના આધારે જ રિક્ષા અને ચાલકની ઓળખ કરવામાં સરળતા રહેશે. મુસાફર મોબાઈલ, પર્સ કે અન્ય કિંમતી સામાન રિક્ષામાં ભૂલી જાય અથવા કોઈ રિક્ષાચાલક દ્વારા ગેરવર્તણૂક કરવામાં આવે તો માત્ર યુનિક નંબર પોલીસને જણાવતા જ સંબંધિત રિક્ષાચાલકની વિગતો તાત્કાલિક મળી જશે.

સુરતમાં 15મી ઓગષ્ટથી પ્રોપર્ટીના ભાવોમાં 5થી 10 ટકાનો વધારો થશે

વૈશ્વિક યુદ્ધની આડઅસરને કારણે કન્સ્ટ્રક્શન કોસ્ટ વધી ગઈ: ક્રેડાઈ સુરત

સુરતઃ સુરતમાં આગામી તા.15મી ઓગષ્ટથી તમામ રિઅલ એસ્ટેટ પ્રોજેક્ટના ભાવમાં 5થી 10 ટકાનો વધારો ઝીંકાશે.

આજે એક પત્રકાર પરિષદમાં ક્રેડાઈ સુરતના ચેરમેન સંજય માંગુકિયા અને પ્રમુખ ડો. જીજ્ઞેશ પટેલે જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે સર્જાયેલી યુદ્ધ જેવી પરિસ્થિતિ, વૈશ્વિક અસ્થિરતા અને ઈંધણના વધતા ભાવોને કારણે સુરતના રિયલ એસ્ટેટ ક્ષેત્ર પર મોટું સંકટ આવ્યું છે.

જેથી ક્રેડાઈ ગુજરાતની બોર્ડ બેઠકમાં લેવાયેલા સર્વસંમતિના નિર્ણય મુજબ, આગામી 15 ઓગસ્ટ 2026થી પ્રોજેક્ટ્સમાં 5%થી 10% સુધીનો ભાવ વધારો કરવો અનિવાર્ય બન્યો છે. છેલ્લા 3 મહિનામાં સિમેન્ટ, સ્ટીલ અને લોખંડ સહિતની સામગ્રીમાં 2%થી લઈને 32% જેટલો જંગી વધારો થયો છે. જેથી હવે ચાલુ પ્રોજેક્ટ્સમાં ફાઉન્ડેશન, સ્ટ્રક્ચર કે ફિનિશિંગના તબક્કા આધારે ભાવ વધારવામાં આવશે. આગામી સમયમાં લોન્ચ થનારા નવા પ્રોજેક્ટ્સમાં બાંધકામ ખર્ચ વધવાને કારણે પ્રતિ ચોરસ ફૂટ અંદાજે 200થી લઈને 400 સુધીનો વધારો થઈ શકે છે. હજુ પણ આ ભાવો વધવાની સંભાવના હોવાથી બિલ્ડરોએ ભાવ વધારો કરવો પડી રહ્યો છે.

અમરોલીમાં પથરીની બીમારીથી કંટાળી પરિણીતાનો આપઘાત

સુરતઃ મૂળ જામનગરમાં મોટા વગળા ગામના વતની અને હાલ અમરોલી વિસ્તારમાં આવેલી સ્ટાર રેસાડેન્સીમાં રહેતા હાર્દિકભાઈ વાડોલીયા એમ્બ્રોઈડરીના ખાતામાં કામ કરે છે. તેમની પત્ની 30 વર્ષીય શીતલ સાથે અઢી વર્ષ પહેલાં જ લગ્ન થયા હતા. ગઈકાલે બપોરે શીતલ ઘરે રૂમમાં એકલી હતી. ત્યારે ઝેરી દવા પી લીધી હતી. ઘરમાં આઠ માસનું બાળક પણ હતું. તેણીને પેટમાં દુઃખાવો અને ઊલટીઓ થતાં જેઠાણીને ઘટનાની જાણ થતાં જ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં ટૂંકી સારવાર બાદ મોત થયું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં શીતલએ પથરીની બીમારીથી કંટાળી પગલું ભર્યાનું સામે આવ્યું હતું.

સફાલે પાસે માલગાડીના એન્જિનનો પાઇપ ફાટ્યો

સુરતઃ મુંબઈ અમદાવાદ રૂટ પર સફાલે સ્ટેશન નજીક આજે શનિવારે એક માલગાડીના લોકોમોટિવ (એન્જિન)ની પ્રેશર પાઇપ અચાનક ફાટી જવાની ઘટના સામે આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર સવારે 11.50 વાગ્યે બનેલી આ ઘટનાને પગલે રેલવે તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું અને ટેકનિકલ ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. એન્જિનિયરોની ટીમે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને બપોરે 12.20 વાગ્યે, એટલે કે માત્ર 30 મિનિટના ટૂંકા ગાળામાં જ ફાટેલી પાઇપનું સમારકામ પૂર્ણ કરી દીધું હતું. આ ઘટનાના લીધે ટ્રેન વ્યવહાર થોડો ખોરવાયો હતો. જોકે, 30 મિનિટમાં સ્થિતિ પૂર્વવત્ત થઈ ગઈ હતી.

લિગ્નાઈટના ભાવમાં અસામાન્ય વધારો

ચેમ્બર ખાતે GMDCના અધિકારીઓ અને મિલમાલિકોની બેઠક યોજાઈ

ફાળવેલો ક્વોટા પણ પૂરતો ન મળતો હોવાની જીતુ વખારિયાની રજૂઆત

સુરતઃ ચેમ્બર ઓફ કોમર્સ અને સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશન (SGTPA)ના ઉપક્રમે સરસાણા ખાતે ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)ના જનરલ મેનેજર-સેલ્સ એન્ડ માર્કેટિંગ (કોલ) નીરજ પટેલ સાથે એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય હેતુ દક્ષિણ ગુજરાતના પ્રોસેસિંગ હાઉસ અને વિવિધ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગોને જીએમડીસી તરફથી મળતા લિગ્નાઈટના પુરવઠા સંબંધિત પ્રશ્નોની ચર્ચા કરી તેનો યોગ્ય ઉકેલ લાવવાનો હતો.સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ જીતેન્દ્ર વખારિયાએ જણાવ્યું હતું કે, મે, જૂન અને જુલાઈ-2026 દરમિયાન જીએમડીસી દ્વારા કોલસા/લિગ્નાઈટના ભાવમાં અસહ્ય કરાયેલો અસામાન્ય વધારો ઉદ્યોગહિતમાં પાછો ખેંચવામાં આવે. પુરવઠાની અનિયમિતતાનો મોટો પ્રશ્ન છે. ઉદ્યોગોને ફાળવવામાં આવેલા સત્તાવાર ક્વોટા મુજબ પણ કોલસા અને લિગ્નાઈટનો પૂરતો જથ્થો સમયસર ઉપલબ્ધ થતો નથી. પ્રોસેસ હાઉસ અને અન્ય ઉદ્યોગોને પરિવહન ખર્ચનો વધારાનો બોજ પડી રહ્યો છે. સુરતની નજીક આવેલી તડકેશ્વર ખાણને બદલે ઉદ્યોગોને ભાવનગર સાઇટ પરથી વધુ પ્રમાણમાં લિગ્નાઈટ સપ્લાય કરાતો હોવાથી લોજિસ્ટિક્સ અને પરિવહન ખર્ચમાં મોટો વધારો થઈ રહ્યો છે. ઓપન માર્કેટમાં અછતની સમસ્યા સર્જાઈ છે. પુરવઠાની અછતનો લાભ લઈ બજારમાં થતી અનધિકૃત પ્રવૃત્તિઓ અને કૃત્રિમ અછત અંગે પણ ઉદ્યોગકારોએ તંત્રનું ધ્યાન દોર્યું હતું. બેઠકના પ્રારંભમાં SGCCIના પ્રમુખ અશોક જીરાવાલાએ જીએમડીસીના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું કે, "ભૂતકાળમાં જ્યારે ઉદ્યોગો આર્થિક અને વૈશ્વિક સંકટોમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કેન્દ્ર સરકારે કસ્ટમ્સ ડ્યુટીમાં ઘટાડો અને ECLGS જેવી રાહત યોજનાઓ અમલમાં મૂકીને ઉદ્યોગોને મદદ કરી હતી.

તડકેશ્વર ખાણમાં વરસાદી પાણી ભરાવાનું જીએમડીસીનું બહાનું

ઉદ્યોગકારોની રજૂઆતોના જવાબમાં જીએમડીસીના અધિકારીઓએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, ઔદ્યોગિક ડીઝલના વધેલા ભાવો તેમજ સુરત નજીકના તડકેશ્વર ખાણ વિસ્તારમાં વહેલા વરસાદને કારણે પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. ખાણોમાં પાણી ભરાઈ જવાને કારણે લિગ્નાઇટના ઉત્પાદન અને લોજિસ્ટિક્સ પર પ્રતિકૂળ અસર પડી છે. સ્થાનિક ખાણોમાંથી સપ્લાય ઘટવાને કારણે ઉત્પાદન ખર્ચ ઊંચો જતાં નાછૂટકે ભાવમાં ફેરફાર કરવો પડ્યો છે. જો કે, ચેમ્બર અને એસજીટીપીએની સત્તાવાર રજૂઆત બાદ જીએમડીસીના અધિકારીઓએ ખાતરી આપી હતી કે સુરતના ઉદ્યોગો દ્વારા રજૂ કરાયેલા તમામ પ્રશ્નોને ગંભીરતાથી લઈ રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર કક્ષાએ યોગ્ય રજૂઆતો કરવામાં આવશે અને ભાવ તેમજ સપ્લાયની સમસ્યાનો વહેલી તકે વ્યાજબી ઉકેલ લાવવામાં આવશે.

નોકરી મળ્યાના કલાકોમાં જ રાજસ્થાની યુવકનું અકસ્માતમાં મોત

સુરતઃ રોજગારની આશાએ સુરત આવેલો રાજસ્થાનનો એક યુવકને નોકરી મળ્યા બાદ રહેવા માટે રૂમ જોવા નીકળ્યો હતો. જેનું ઈચ્છાપોરમાં અજાણ્યા વાહનની ટક્કરે મોત થયું હતું. મૂળ રાજસ્થાનના ભીલવાડાના રાયપુર ગામના રહેવાસી પ્રકાશ ભેરૂલાલ સાવલી (ઉં.વ.37) થોડા દિવસ પહેલાં રોજીરોટીની શોધમાં સુરત આવ્યો હતો. તે વરાછા વિસ્તારમાં આવેલી વર્ષા સોસાયટી વિભાગ-1માં રહેતા પોતાના સાળાના ઘરે રોકાયો હતો. શુક્રવારે પ્રકાશ ઈચ્છાપોર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી બીએન ટ્રાન્સપોર્ટની ઓફિસમાં ટ્રક ડ્રાઈવર તરીકે નોકરી માટે ગયો હતો, જ્યાં તેને નોકરી મળી ગઈ હતી. બાદ બપોરે આશરે 12 વાગ્યે તે રહેવા માટે રૂમ શોધવા ભાટપોર ગામ તરફ સ્કૂટર પર નીકળ્યો હતો. ત્યારે અકસ્માતમાં તેનું મોત થયું હતું.

સંક્ષિપ્ત સમાચાર

ધી સુરત જરી ગુડ્ઝ પ્રોડ્યુસર્સ કો-ઓપ. સોસા.ના નવા હોદ્દેદારો વરાયા

સુરતઃ ટેક્સટાઇલ સિટી સુરતના જરી ઉદ્યોગ સાથે સંકળાયેલી અગ્રણી સંસ્થા 'ધી સુરત જરી ગુડ્ઝ પ્રોડ્યુસર્સ કો.ઓપરેટિવ સોસાયટી લિમિટેડ' દ્વારા સને ૨૦૨૬-૨૦૨૭ના નવા વર્ષ માટેના હોદ્દેદારો અને વિવિધ સમિતિના કન્વીનરોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. જેમાં પ્રમુખ બિપીનચંદ્ર એન. જરીવાળા, ઉપપ્રમુખ શશીકાંત કે. રાણા, માનદ્ મંત્રી ચંદ્રકાંતભાઇ ટી. જરીવાળાની પસંદગી કરાઇ હતી. જ્યારે વિવિધ કમિટીના કન્વીનરોમાં કંટ્રોલ કમિટી કન્વીનર તરીકે કિરીટકુમાર ચંદુલાલ કાંગરીવાળા, ધીરાણ કમિટી કન્વીનર તરીકે નવીનચંદ્ર ઠાકોરદાસ ચપડીયા, બિઝનેસ કમિટી કન્વીનર તરીકે શાંતિલાલ આત્મારામ જરીવાળા, સ્ટાફ કમિટી કન્વીનર તરીકે મહેશચંદ્ર ઝવેરભાઈ ચલકવાળા તેમજ રોલીંગ મિલ કમ બાંધકામ કમિટી કન્વીનર તરીકે રમેશચંદ્ર ઈશ્વરલાલ જરીવાળાનો સમાવેશ કરાયો છે.

નાનપુરા સ્થિત શ્રી મહાવીરસ્વામી દિગંબર જૈન મંદિરનો ૪૪મો વર્ષગાંઠ મહોત્સવ ઉજવાયો

સુરતઃ શ્રી મહાવીરસ્વામી દિગંબર જૈન મંદિર, નાનપુરા, સુરતનો ૪૪મો વર્ષગાંઠ મહોત્સવ પૂજનીય ક્ષુલ્લિકા રત્ન શ્રી ૧૦૫ વિસ્મિતાશ્રી માતાજી તથા ક્ષુલ્લિકા રત્ન શ્રી ૧૦૫ વિગમ્યાશ્રી માતાજીના સાન્નિધ્યમાં અને વિધિ વિધાનાચાર્ય પં. રૂપેશભાઈ (ખંડવાવાળા) પાર્લે પોઇન્ટના માર્ગદર્શન હેઠળ તા. ૦૨/૦૭/૨૦૨૬ ગુરૂવારના રોજ પ્રભાવના પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંદિરના શિખર પર નવીન ધ્વજા સ્થાપનાનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના શિખર પર ધ્વજા ચડાવવાનો પુણ્ય અવસર શ્રીમાન ધનિકભાઈ નરેશભાઈ પાનવાલા પરિવારને પ્રાપ્ત થયો હતો. પ્રભાવનાનું સૌભાગ્ય શ્રીમતી સુશીલાદેવીજી ભાગચંદજી, પ્રીતિ રવિ જૈન CA, રિદ્ધિ (CA), કાવ્ય જૈન કાશલીવાલ પરિવાર (રફીગંજવાળા)એ લીધું હતું. કાર્યક્રમના અંતે અશોકભાઈ વિનાયક્યા, નરેશભાઈ, કમલેશ ગાંધી અને મધુબેન દલાલે સકલ સમાજનો આભાર વ્યક્ત કર્યો હતો.

રોટરી ક્લબ ઓફ તાપી સુરતને સેવાકીય પ્રવૃત્તિ બદલ 10 એવોર્ડ મળ્યા

સુરતઃ રોટરી ક્લબ ઓફ ઈન્ટરનેશનલ વર્ષ ૨૦૨૫-૨૬, રોટરી ડીસ્ટ. 3060ના બરોડા ખાતે યોજાયેલા એવોર્ડ ફંક્શનમાં રોટરી ક્લબ ઓફ તાપી સુરતને વિવિધ સેવાકીય પ્રવૃતિની કેટેગરીમાં બેસ્ટ પરફોર્મન્સના 10 એવોર્ડ મળ્યા હતા. ક્લબ દ્વારા વર્ષ દરમ્યાન કરવામાં આવેલી સેવાકીય પ્રવૃત્તિઓ થકી આ એવોર્ડ મળ્યા હતા. એવોર્ડ મળવા બદલ ક્લબના પ્રમુખ રો. દિપકભાઈ ભટ્ટ તેમજ તેમની ટીમને શુભેચ્છા પાઠવવામાં આવી છે.

પ્રેકટિસ કરતાં રહેશો તો પરફેક્ટ થશો: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

ભીવંડી: અંજુર ફાટા સ્થિત શ્રી શંખેશ્વરધામ શ્વે. મૂ. પૂ. જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણી વહાવતા કહ્યું હતું કે, જીવનમાં કોઈપણ ક્ષેત્રે સફળતા અને સલામતી બંને ય મહત્ત્વના છે. ઘણાં બધા પુરુષાર્થ પછી લક્ષ્ય સાથે આગળ વધો તો સફળતા જરૂર મળે છે. સફળતાથી બહુ હરખપદુડા થવાની જરૂર નથી અને નિષ્ફળતાથી નિરાશ થવાની જરૂર નથી. જીવનમાં સુખ અને દુઃખનાં ચકરડાં તો ચાલ્યા કરે. બધું ભાગ્યાધીન છે.

સારસ્વત વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની સવા શતાબ્દી પ્રસંગે સ્મૃતિસભા યોજાઈ

સુરતઃ સારસ્વત વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના સવા શતાબ્દીના પ્રસંગે નર્મદ સાહિત્ય સભા અને એમ.ટી.બી. આર્ટસ કોલેજના સંયુક્ત ઉપક્રમે તેમની સ્મૃતિસભાનું આયોજન વડીલના ૧૨૭મા જન્મદિને થયું હતું. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષ આશિષ વકીલના અધ્યક્ષ સ્થાને મળેલી આ સભામાં ડો. રાકેશ દેસાઈએ તેમની વિવેચન કલાને દેશ-વિદેશના સંદર્ભો ટાંકીને બિરદાવી હતી. કશ્યપ મહેતાએ તેમના પારિવારિક સંદર્ભો વર્ણવીને વિષ્ણુદાદાને ભાવવાહી રીતે યાદ કર્યા હતા. એમ.ટી.બી. કોલેજના એ સુવર્ણમય દિવસોને વિષ્ણુપ્રસાદજીના સંદર્ભે ડો. હિમાંશી શેલત અને ડો. વિજય શાસ્ત્રીએ તેમના સ્મૃતિલેખો દ્વારા યાદ કર્યા હતા જેનું પઠન કપિલદેવ શુક્લ અને મયંક ત્રિવેદીએ કર્યું હતું. નર્મદ સભાના પ્રમુખ બકુલ ટેલરે સ્વાગત અને મંત્રી નરેશ કાપડીઆએ વિષ્ણુપ્રસાદજીના જીવન અને કવનને ટૂંકી ફિલ્મ દ્વારા રજુ કાર્ય હતા. કોલેજના આચાર્ય ડો. મુકેશ પટેલે આભારવિધિ કરી હતી. વિષ્ણુપ્રસાદજીના દીકરી વસંતિકાબેન અને દોહિત્રી ફાલ્ગુની ભટ્ટ અને પરિવાર દાદાજીની યાદમાં ભાવુક થયા હતા. ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ રાજન ભટ્ટે સંકલન કર્યું હતું.

દેનાબેંક રિટાયર્ડ એમ્પ્લોઇઝ વેલફેર એસો.ની વાર્ષિક સભા યોજાઈ

સુરતઃ દેનાબેંક રિટાયર્ડ એમ્પ્લોઇઝ વેલફેર એસોસિએશન, સુરત યુનિટની વાર્ષિક સભા તા.૨૭-૦૬-૨૦૨૬ ના રોજ બદરીનારાયણ મંદિર, અડાજણ, સુરત ખાતે યોજવામાં આવી હતી. સમગ્ર સભાનું સંચાલન રામસિંહ ગોહિલે કર્યું હતું. કાર્યકારી પ્રમુખ હરિશ નાયકે હાલની બેન્કિંગ ક્ષેત્રની અને એસોસિએશનની રાષ્ટ્રીય લેવલની પ્રવૃત્તિ અને બેંકો જે એકબીજામાં મર્જર (સામેલ) કરવામાં આવી છે તેનો અહેવાલ આપ્યો હતો. અરવિંદ બકરીવાલાએ આવક જાવક ખાતું અને વાર્ષિક સરવૈયાની રજૂઆત કરી હતી. સામાન્ય મંત્રી ભરત શાહે સંગઠન બાબત તેમજ સંસ્થાનો વાર્ષિક રિપોર્ટનો અહેવાલ આપ્યો હતો.જયંત અંગ્રેજીએ AIBRF દ્વારા પેન્શન સુધારણા ની માંગ અંગે આગામી વર્ષે યોજાનારા જુદા જુદા પ્રોગ્રામોની જાણકારી આપી હતી. રામસિંહ ગોહિલ અને પિયુષ જે. મહેતા દ્વારા ગીતો રજૂ કરાયા હતા. હાસ્ય કલાકાર પ્રભાકર ધોળકીયાએ ટુચકા રજૂ કર્યા હતા. જોઈન્ટ સેક્રેટરી બાબુ સુરતીએ આભાર વિધિ કરી હતી.